જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૫/૨૦૧૯ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૯૨૭/૧૯**

## અમદાવાદ શહેર વિસ્તારમાં સોનાના દોરાની લુંટ કરતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.વી.ગોહિલ સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટી ઓર્ગે નાઇઝડ સેલના પો.ઇન્સશ્રી કે.જી.ચોધરી સા. ની રાહબરી હેઠળ ટીમના પો.સબ.ઇન્સ.બી.પી.દેસાઇ તથા સ્ટાફના માણસો સાથે મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપી, રવિસિંગ @ રવિ સન/ઓફ રણજીતસિંગ ચીખલીગર ઉ.વ.૨૬ રહે,મકાન નં.૯, પ્રભુપાર્ક સોસાયટી ચેનપુર રોડ, ગુજરાત હાઉસિંગના મકાન પાસે ન્યુ રાણીપ અમદાવાદનાને સોનાના દોરા(ચેઇન) નંગ-૪ કુલ્લે કિં રુ ૧,૬૬,૦૦૦/ સાથે પકડેલ હોય તથા તેના કબજાનુ ગુન્હામા વપરાયેલ ટી.વી.એસ.અપાચે મો.સા.કિં રુ ૪૨,૦૦૦/ મળી કુલ્લે રુ ૨,૦૮,૦૦૦/ નો મુદ્દામાલ કબજે કરવામા આવેલ છે. જે આરોપીની પુછપરછમા પોતે તથા તેના સાગરિત સાથે મળી છેલ્લા ત્રણેક માસ દરમ્યાનમા અમદાવાદ શહેરમા સોલા વિસ્તારમાંથી પોતાના કબજાની ટી.વી.એસ.અપાચે મો.સા.ઉપર ફરી એકલ દોકલ ચાલતા તેમજ વાહનો ઉપર જતી સ્ત્રીઓને ટાર્ગેટ કરી તેઓના ગળામાંથી સોનાના દોરા(ચેઇનો) તોડી લેતા હતા.તેમજ આરોપીના કબજામાંથી મળી આવેલ સોનાના દોરા(ચેઇનો) નંગ-૪ બાબતે આરોપીની પુછપરછ તેમજ રેકર્ડ ખાત્રી કરતા નીચે મુજબના ગુન્હાઓ ડીટેકટ થયેલ છે.

(૧) સોલા પો સ્ટે.ફ.ગુ.ર.નં.૧૦૫/૧૯ ઇ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ મુજબ
(૨) સોલા પો સ્ટે.ફ.ગુ.ર.નં.૧૪૩/૧૯ ઇ.પી.કો.કલમ ૩૯૨, મુજબ
(૩) સોલા પો સ્ટે.ફ.ગુ.ર.નં.૨૩૩/૧૯ ઇ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ મુજબ
(૪) સોલા પો સ્ટે.ફ.ગુ.ર.નં.૨૫૪/૧૯ ઇ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ મુજબ

તેમજ આરોપીની વધુ પુછપરછમા તેણે બતાવેલ જગ્યાએથી પોતે તથા તેના સાગરિત સાથે મળી સોનાના દોરાની લુંટ કરેલ જે જગ્યાઓ નીચે મુજબની છે. જે કરેલ ગુન્હાઓ બાબતે તપાસ ચાલુમા છે.

(૧) આશરે બે માસ પહેલા ગોતા દેવનગર પાસે પરિવાર હોમ્સ સાઇડની સામે જાહેર રોડ ઉપરથી એક બહેન રાતના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે ચાલતા જતા હતા તેઓના ગળામાંથી સોનાની ચેઇન તોડેલ છે.

(૨) આશરે બે માસ પહેલા સોલા વિશ્વેશર મહાદેવ તરફ જતા રોડ વિશ્વાશ સીટીની આગળ આવેલ શુભ મંગલ સોસાયટી ચાર રસ્તા આગળ જાહેરમાંથી એક બહેન સાંજના સમયે ચાલતા જતા હતા તેઓના ગળામાંથી સોનાની ચેઇન તોડેલ છે.

(૩) આશરે અઢી માસ પહેલા સોલા થલતેજ તરફ જવાના રોડ ઉપર થલતેજ ગામ તરફ આવેલ શાકમાર્કેટ પાસે ઓરાબેલા કોમ્પલેક્ષ આગળ મલાઇ છાપરા સામે હેબતપુર રોડ ઉપરથી એક બહેન સાંજના સમયે ચાલતા જતા હતા તેઓના ગળામાંથી સોનાની ચેઇન તોડેલ છે.

(૪) આશરે અઢી માસ પહેલા સોલા શિલજગામ જવાના રોડ ઉપર જી.ઇ.બી.ઓફિસ સામે જાહેર રોડ ઉપરથી એક બહેન ચાલતા જતા હતા તેઓના ગળામાંથી સોનાની ચેઇન તોડેલ છે.

(૫) આશરે દોઢેક માસ પહેલા સોલા સાયન્સ સીટી રોડ શુકન મોલથી આગળ સીટી સેન્ટર-૨ ની સામે આવેલ જાહેર રોડ ઉપરથી એક બહેન સાંજના સમયે ચાલતા જતા હતા તેઓના ગળામાંથી સોનાની ચેઇન તોડેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.